# શાળા એક્રેડિટેશનપ્રક્રિયા વિષયક એક દિવસીય પ્રશિક્ષણ વર્ગ

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા શૈક્ષણિક વર્ષ–2021–22 થી ગુજરાત રાજ્યની ધોરણ 6 થી 12 ની વિનિયન અને વાણિજ્ય પ્રવાહની શાળાઓનું એક્રેડિટેશન કરવાની પ્રક્રિયાનો આરંભ કરવામાં આવ્યો. જે અંતર્ગત ચાલુ વર્ષે કુલ 18 શાળાઓએ શાળા એક્રેડિટેશન પ્રક્રિયા માટે અરજી કરી છે. તે અંગેનો એક દિવાસીય પ્રશિક્ષણ વર્ગ તા–05/10/2021 ના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો.

## એકદિવસીય પ્રશિક્ષણ વર્ગ

તા–05/10/2021 ના રોજ બપોરે 12–00 થી 5–30 દરમિયાન આ પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન માન. કુલપતિશ્રી હર્ષદભાઈ શાહની અધ્યક્ષતામાં યોજાયો હતો. આ કાર્યા માટે કુલ–18 શાળાઓએ રજીસ્ટ્રેશન કરાવ્યુ હતું જેમાથી કુલ 14 શાળાઓના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆતના પ્રથમ સેશનમાં કુલપતિશ્રી દ્વારા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ની કાર્યપ્રણાલી અંગે વિગતે ચર્ચા કરવામાં આવી હતી.

પ્રશિક્ષણ વર્ગના બીજા સેશન માં પ્રો.સંજય ગુપ્તાએ સમગ્ર રીતે શાળા એક્રેડિટેશન પ્રક્રિયા કઈ રીતે મહત્વ ધરાવે છે? તેના ફાયદાઓ વિદ્યાર્થીઓએ, શિક્ષકો, વાલીઓ અને શાળાને કઈ રીતે થઈ શકે આ ઉપરાંત પ્રશિક્ષણમાં સહભાગી તમામ પ્રતિનિધિઓને શાળા એક્રેડિટેશન મેન્યુયલની એક નકલ પણ આપવામાં આવી હતી. અને તેમાં સમાવિષ્ટ જુદા–જુદા સૂચક અંકોને ધ્યાનમાં રાખીને તેની વિગતે ચર્ચા પરવામાં આવી હતી.

એકદિવસીય પ્રશિક્ષણના ત્રીજા સત્ર દરમિયાન ડો.અશ્વિન એલ. નિસરતા, એસોસિયેટ પ્રોફેસર એક્રેડિટેશન વિભાગ દ્વારા શાળા એક્રેડિટેશન પ્રક્રિયાના ભાગ સ્વરૂપે ધ્યાનમાં લેવાના મુખ્ય સૂચકો અંગે વિગતે સમજૂતી આપી હતી અને શાળા એક્રેડિટેશન પ્રક્રિયાના તબક્કાઓ, ઉપરાત સમગ્ર પ્રક્રિયામાં તે અંગેની યુનિવર્સિટીની કાર્યપ્રણાલી અંગે વિગતે ચર્ચા કરવામાં આવી હતી.

એકદિવસીય પ્રશિક્ષણ વર્ગની પ્રેસનોટ

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે શાળા એક્રેડિટેશન માટે પ્રશિક્ષણ વર્ગ યોજાયો

ગાંધીનગર, તા.૭

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના એક્રેડિટેશન વિભાગ દ્વારા ગુજરાત રાજ્યની કુલ ૧૮ શાળાઓના એક્રેડિટેશનની પ્રક્રિયા માટે પાંચમી ઑક્ટોબરના રોજ એક દિવસીય પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓ જેવા કે વડોદરા, કચ્છ, મહેસાણા, રાજકોટ, ખેડા, નવસારી વગેરેમાંથી ઉપસ્થિત રહેલા ૧૫ પ્રતિનિધિઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યું. આ પ્રસંગે અધ્યક્ષ તરીકે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહે યુનિવર્સિટીની કાર્યપ્રણાલી અંગે વિગતે પરિચય આપ્યો. ત્યારબાદ વિભાગના અધ્યક્ષ પ્રો. સંજય ગુપ્તાએ શાળા એક્રેડિટેશન માટેની પ્રક્રિયા અંગે વિગતે ચર્ચા કરી. ડો.અશ્વિન એલ. નિસરતાએ શાળા એક્રેડિટેશન માટેના જુદાં-જુદાં પાસાઓની એક્રેડિટેશનની પ્રક્રિયાના સંદર્ભમાં વિગતે ચર્ચા કરી હતી.

એકદિવસીય પ્રશિક્ષણ વર્ગકાર્યક્રમની રૂપરેખા

| **CHILDREN'S UNIVERSITY**<br>Department of Accreditation<br>**One Day Training Programme Schedule** | | |
|---|---|---|
| **Time** | **Detail** | **Resource Person** |
| 12:00 to 12:30pm | Registration | |
| 12:30 to 12:40 | Welcome Speech by **Prof. Sanjay Gupta** | |
| 12:40 to 01:00 | **Shri Harshadbhai Shah**<br>Presidential Address by Honorable Vice Chancellor,<br>Children's University | |
| LUNCH BREAK-1:00 TO 2:00 PM | | |
| 2:00 to 3:15pm | Technical Session-1 | **Prof. Sanjay Gupta**<br>School Accreditation- Part-I |
| TEA BREAK-3:15 TO 3:30 PM | | |
| 3:30 TO4:30 | Technical Session-2 | **Dr. Ashvin Nisarta**<br>School Accreditation Part-II |
| 4:30 onwards | Question Answer Session | **Prof. Sanjay Gupta & Dr. Ashvin Nisarta** |

## એકદિવસીય પ્રશિક્ષણ વર્ગકાર્ય અંગેના ફોટોગ્રાફ્સ







PROCESS
Sr. No.
STEPS / TASKS
1 Advertisement
2 Letter of Consent from University
3 Orientation/ Training about Accreditation
4 Submission of Self Study Report
5 Reviewing the Self Study Report
6 Institutional Visit (Peer Team Visit)
7 Peer Team Report Preparation
8 Report Submission


PROCESS
Sr. No.
STEPS / TASKS


CHILDREN'S UNIVERSITY
GANDHINAGAR